Appendix 5

Gujarati Version of the Tools

## કૌટુમ્બિક માહિતી

૧. શાળાનું નામ
૨. વિદ્યાર્થીનું નામ (જો નામ જાહેર કરવાની ઈચ્છા ન હોય તો આ પ્રશ્નનો જવાબ ભરશો નહિ)
૩. છોકરો/છોકરી
૪. માતાનું શિક્ષણ (વિષય, શિક્ષણ સ્તર. વિ. વિગતવાર)
૫. પિતાનું શિક્ષણ (વિગતવાર)
૬. માતાનો વ્યવસાય (ક્યાં કામ કરે છે, કયા હોદ્દા ઉપર વિ. વિગતવાર)
૭. પિતાનો વ્યવસાય (વિગતવાર)
૮. કુટુંબનો પ્રકાર: સંયુક્ત/વિભક્ત

• વિવિધ વ્યવસાયો (Professions) વિશે રૂઢ માનસિક છબી (ખ્યાલ) – Stereotype.

અહીં વિવિધ વ્યવસાયોની યાદી આપી છે. એમને બે વિભાગમાં વહેંચવાના છે. જો તમને એમ લાગે કે અમુક વ્યવસાય સ્ત્રીઓ માટે ઉચિત (યોગ્ય) છે તો પહેલા ખાનામાં (✓) આવી નિશાની કરો અને જો પુરુષો માટે યોગ્ય લાગે તો બીજા ખાનામાં એવી નિશાની (✓) કરો. જો તમારે મતે કોઈ વ્યવસાય સ્ત્રી અથવા પુરુષ બન્ને માટે ઉચિત છે તો બન્ને ખાનામાં એવી (✓) નિશાની કરો. તમારા નિર્ણયો માટે કારણ આપો તો સારું.

આમાં સાચા કે ખોટા જવાબ જેવું કંઈ નથી માટે તમે જે માનતા હો તે પ્રમાણિક પણે દર્શાવો.

| વ્યવસાય | સ્ત્રીઓ માટે ઉચિત છે | પુરુષો માટે ઉચિત છે. | કારણ અને ટીકા-ટિપ્પણ |
|---|---|---|---|
| ડૉક્ટર | | | |
| નર્સ | | | |

...વિ. આ પ્રમાણે બનાવેલું કારણ માટે પૂરતી જગા રાખેલું ફોર્મ.

વ્યવસાયો

ડૉક્ટર
નર્સ
અભિનય કરનાર
વકીલ
ડ્રેસ ડીઝાઈનર

સેક્રેટરી
ટાઈપરાઈટર
બેબી સીટર
શેફ
વિમાનચાલક
બાલવાડી શિક્ષક
યુનિવર્સિટી અધ્યાપક

બેંકમાં શરાફ
મેનેજર (પ્રબંધક)
ટેક્સી ડ્રાઈવર
કોમ્પ્યુટર પ્રોગ્રામર
પોલીસ ઓફીસર
કલેક્ટર

વ્યવસાયો (ચાલુ)

એકાઉન્ટન્ટ
વેઈટર
ફેશન મોડેલ
વિક્રેતા (સેલ્સ પર્સન)
રાજકારણી
પ્રધાન
ઈન્ડસ્ટ્રીઅલ અંત્રપ્રિન્યોર
(ઉદ્યોગ ક્ષેત્રે સાહસ કરનાર)
ઘરકામ કરનાર
દુકાનદાર
સ્થપતિ (આર્કિટેક્ટ)
ફોટોગ્રાફર
સંગીતકાર
મિકેનિક
વૈજ્ઞાનિક
ભાષાશાસ્ત્રી
રમતવીર
નાણાં અને વેરા સલાહકાર

નૃત્યકાર
ખેડૂત
ફીલ્મ પ્રોડ્યુસર
ફીલ્મ નિર્દેશક
સમાજ સેવક
એનાઉન્સર (ઉદ્ઘોષક)
લાયબ્રેરીયન
ટેલીફોન ઓપરેટર
રીસેપ્શનીસ્ટ
કોમ્પ્યુટર પ્રોગ્રામર
પત્રકાર
ઈલેક્ટ્રીશ્યન
ગણિતશાસ્ત્રી
એડવર્ટાઈઝીંગ એજન્સી કુરિપ
કંપની ઓફીસર

વલણ કસોટી

## સ્ત્રી-પુરુષ સમાનતા વિશે વલણ (Attitude)

નીચે કેટલાંક વિધાનો આપ્યાં છે. દરેક વિધાન સામે પાંચ ખાનાં છે. વિધાન વાંચીને એ વિશેનો તમારો ખ્યાલ (વલણ) જે તે ખાનામાં (✓) આવી નિશાની કરી દર્શાવો. આમાં સાચા-ખોટા જેવું કંઈ નથી. તમારું વલણ પ્રમાણિકપણે દર્શાવો.

ફોર્મ

| વિધાન ↓ | સંપૂર્ણપણે સંમત છું | લગભગ સંમત છું | કંઈ કહી શકું નહિ | લગભગ અસંમત છું | તદ્દન અસંમત છું. |
|---|---|---|---|---|---|
| (૧) થી (૨૬) વિધાનો | | | | | |

વિધાનો

(૧) સ્ત્રી-પુરુષ સમાનતાનો ખ્યાલ બિલકુલ હાસ્યાસ્પદ છે કારણ કે કુદરતે સ્ત્રીને પુરુષથી નીચી કક્ષાની ઘડેલી છે.

(૨) સ્ત્રી-પુરુષ સમાનતાની ચળવળ પુરુષો પાસેથી સત્તા આંચકી લેવા માટે સ્ત્રીઓનું એક ષડયંત્ર છે.

(૩) સ્ત્રી-પુરુષ સમાનતા સ્ત્રી અને પુરુષ બન્નેને માટે લાભકારક છે.

(૪) સમાજમાં સ્ત્રી અને પુરુષનાં કાર્યો સ્પષ્ટ રીતે એકદમ જુદાં હોવાં જોઈએ.

(૫) સ્ત્રી-પુરુષ સમાનતા વાળા સમાજમાં દરેક વ્યક્તિને સામાજિક દબાણ વગર, પોતપોતાના રસ પ્રમાણે આગળ વધવાની તક મળશે.

(૬) આપણા સમાજમાં છોકરા અને છોકરી વચ્ચે જે ભેદભાવ રાખવામાં આવે છે તે યોગ્ય જ છે.

(૭) સ્ત્રી અને પુરુષ એ બેમાં પુરુષનું સ્થાન ઊંચું છે એ વાત બધા ધર્મગ્રંથોમાંથી સહેલાઈથી સમજી શકાય છે.

(૮) સ્ત્રી-પુરુષ સમાનતાનો ખ્યાલ સમાજ માટે જોખમી છે; એ લગ્ન-વિચ્છેદમાં વધારો અને કુટુંબ સંસ્થાને છિન્નભિન્ન કરી નાખશે.

(૯) સ્ત્રીઓને સમાનતા જોઈતી હોય તો એમણે પ્રસૂતિ (ડીલેવરી) અંગેની રજા જેવા લાભો જતા કરવા જોઈએ.

(૧૦) આપણા દેશમાં સરકારે સ્ત્રી-પુરુષ સમાનતા સ્થપાય તેવી નીતિઓ ઘડવી જોઈએ.

(૧૧) સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપવાનો પ્રયત્ન એટલે એક અર્થ વગરની બાબત ઉપર સમય વેડફવો.

(૧૨) સ્ત્રી-પુરુષ સમાનતાને ટેકો આપનારા પુરુષો બાયલા હોય છે.

(૧૩) ભારતમાં જો સાચી લોકશાહી સ્થાપવી હોય

વિધાનો (ચાલુ)

તો સ્ત્રી-પુરુષ સમાનતાને અગ્રતા આપવી જોઈએ.

(૧૪) સ્ત્રી-પુરુષ સમાનતાની ચળવળને ટેકો આપતી સ્ત્રીઓ પુરુષોને ધિક્કારતી હોય છે.

(૧૫) આત્મસન્માનવાળો કોઈ પણ પુરુષ સ્ત્રીને સમાન (પુરુષ-સમોવડી) ન ગણી શકે.

(૧૬) કોઈ સંસ્થા સ્ત્રી-પુરુષ સમાનતા વિષે પ્રદર્શન કે કાર્યક્રમ યોજે તો મને સ્વયંસેવક તરીકે ભાગ લેવો ગમે.

(૧૭) સ્ત્રી-પુરુષ સમાનતાનો ખ્યાલ જોખમી છે, કારણ કે એને લીધે સ્ત્રીઓ આક્રમક બની પુરુષો ઉપર રોફ જમાવશે અને પુરુષો દબાઈ જશે.

(૧૮) સ્ત્રી-પુરુષ સમાનતા સ્થપાશે તો તે પુરુષોને વ્યવસાય/જાહેરજીવન અને કૌટુમ્બિક જીવન વચ્ચે તંદુરસ્ત સમતોલન જાળવવામાં મદદ કરશે.

(૧૯) સ્ત્રી-પુરુષ સમાનતાવાળા સમાજમાં સ્ત્રીઓ વ્યવસાય/જાહેરજીવન અને કૌટુમ્બિક જીવન વચ્ચે તંદુરસ્ત સમતોલન જાળવી શકશે.

(૨૦) હાલની પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા યોગ્ય છે, એને બદલવાની કોઈ જરૂર નથી.

(૨૧) સ્ત્રી-પુરુષ સમાનતા બિલકુલ અ-વ્યવહારુ વાત છે, કારણ કે પુરુષો કુદરતી રીતે જ અન્યાયી અને શોષણખોર હોય છે.

વિધાનો (ચાલુ)

(૨૨) સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપવી હોય તો સ્ત્રીઓએ લાગણીભર્યો પ્રેમાળ સ્વભાવ છોડવો પડે.

(૨૩) સ્ત્રી-પુરુષ સમાનતાના કાર્ય માટે કોઈ સંસ્થા નાગરિકીય ફાળો એકઠો કરતી હોય તો હું એમાં ફાળો આપું.

(૨૪) ભૂતકાળમાં પુરુષોએ સ્ત્રીઓનું ઘણું શોષણ કર્યું છે; હવે સ્ત્રીઓ પુરુષોનું શોષણ કરે તો સમાનતા આવે.

(૨૫) પ્રસાર-માધ્યમો (છાપાં, રેડીઓ, ટેલીવિઝન)એ સ્ત્રીપુરુષ સમાનતા વધે તેવા લેખો અને કાર્યક્રમો આપવા જોઈએ.

(૨૬) જો ઘરમાં સ્ત્રી અને પુરુષ સમાન ગણાતાં હશે તો ઘરમાં બાળકોનો ઉછેર સારો થશે.

---

આ કાર્યક્રમ તમને કેવો લાગ્યો?

રસપ્રદ/કંટાળાજનક ઉપયોગી/બિનઉપયોગી

અન્ય ટીકા/ટિપ્પણી.

વિગતવાર લખવા વિનંતી

# મૂલ્ય કસોટી (Value Test)

અહીં કેટલાક એવા પરિસ્થિતિઓ આપ્યા છે જે આપણા રોજબરોજના જીવનમાં ઊભી થતી હોય છે. આવી પરિસ્થિતિમાં તમે શું કરશો અને શા માટે એ તમારે કહેવાનું છે. દરેક પરિસ્થિતિ માટે ચાર વિકલ્પો આપેલા છે. જે વિકલ્પને તમે પ્રથમ પસંદગી આપો છો એની સામેના ખાનામાં (૧) લખો અને તમારી પસંદગીનું કારણ આપો. બાકીના વિકલ્પો સામે પસંદગીના ઊતરતા ક્રમમાં (૨), (૩) અને (૪) લખો.

<u>પરિસ્થિતિ</u> <u>૧.</u>

તમે તમારા મિત્રો સાથે પર્વતારોહણ કરવા ગયા છો. ત્યાં પહોંચ્યા પછી ખબર પડે છે કે સંચાલકોએ સાથે રસોઈયો લીધો નથી. સંચાલકોની દલીલ એવી છે કે ગ્રુપમાં ઘણી છોકરીઓ છે. પર્વતારોહણ પછી છોકરીઓ રસોઈ બનાવી શકશે અને એ રીતે રસોઈયાનો ખર્ચ બચશે અને માથાદીઠ ખર્ચ ઓછો આવશે.

<u>વિકલ્પો</u>

- [ ] તમે સંચાલકોની દલીલ સાથે સંમત છો તેથી તમે એમને ટેકો આપશો
- [ ] તમે સંચાલકોની દલીલ સાથે સંમત નથી પરંતુ એમનો વિરોધ નહિ કરો. તમે ચૂપ રહેશો અને કામ સોંપાય ત્યારે સ્વૈચ્છાએ કરશો.
- [ ] તમે સંચાલકોની દલીલ સાથે સંમત નથી અને ખુલ્લો વિરોધ નોંધાવશો.
- [ ] અન્ય કોઈ માર્ગ સૂચવશો. (શું તે જણાવો).

## પરિસ્થિતિ ૨

તમારો નાનો ભાઈ ૧૨મા ધોરણમાં સારા ટકાએ પાસ થયો છે. એને હોમસાયન્સમાં જવું છે પણ એ કૉલેજ છોકરાઓને પ્રવેશ આપવા ના પાડે છે. તમારો ભાઈ કૉલેજ વિરુદ્ધ પગલાં લેવા માગે છે પણ ઘરમાં કે મિત્રમંડળમાં એને આધાર ટેકો મળતો નથી.

વિકલ્પો

* ☐ તમે ભાઈને કહેશો કે તારી પસંદગી ખોટી છે, તું અન્ય વિષય પસંદ કર.
* ☐ તમને ભાઈની પસંદગી સામે વાંધો નથી પણ કૉલેજ સામે પગલાં લેવાની બાબતમાં તમે સાચું નહિ માનો.
* ☐ તમે ભાઈની પસંદગીને ટેકો આપતા હોવાથી કૉલેજની પ્રવેશ-નીતિનો વિરોધ કરવામાં એને મદદ કરશો.
* ☐ અન્ય વિકલ્પ (સ્પષ્ટ કરી લખો)

---

## પરિસ્થિતિ 3

તમે માતા-પિતા અને બે ભાઈઓ સાથે રહો છો. એક ભાઈનાં લગ્ન થયેલાં છે; ભાઈ-ભાભીને નાની દીકરી છે. ભાઈ-ભાભી એક જ ઑફિસમાં નોકરી કરે છે. ભાભી સવારે ઘરકામ કરી ઑફિસે જાય છે અને ઑફિસેથી આવી સાંજની રસોઈ કરે છે. ભાભીની અપેક્ષા છે કે ભાઈએ ઘરકામ અને બાળસંભાળની જવાબદારી સરખે ભાગે ઉપાડવી જોઈએ; ભાઈને આ પસંદ નથી. તમારા માતાપિતાનો પણ પુરુષો ઘરકામ કરે એ સામે વિરોધ છે.

વિકલ્પો

* ☐ તમને માતા-પિતા અને ભાઈની વાત યોગ્ય લાગે છે એટલે તમે એમને ટેકો આપશો.
* ☐ તમને ભાભીની વાત યોગ્ય લાગે છે પણ તમે આ બાબતે મૌન સેવશો.

પરિસ્થિતિ ૩ - ચાલુ

વિકલ્પો

* ☐ તમે લોકોનો પક્ષ લઈ કુટુંબીજનોને સમજાવશો.
* ☐ અન્ય વિકલ્પ (સ્પષ્ટ રીતે સૂચવો).

---

## પરિસ્થિતિ ૪

તમારાં માતા-પિતા તમને ઘર સોંપી બહારગામ ગયાં છે. સાંજે મહેમાન આવે છે. મહેમાન સાથે વાતચિત કરવી જરૂરી છે, અને તમે એ કરી રહ્યા છો. તમારી નાની બહેન લેસન કરે છે અને નાનો ભાઈ ટીવી જોઈ રહ્યો છે. મહેમાનો માટે ચા-નાસ્તાનું કામ કોને સોંપશો?

વિકલ્પો

* ☐ નાની બહેનને
* ☐ નાના ભાઈને
* ☐ માતા-પિતા ઘર નથી એ બહાને ચા-પાણી મોડી વાળશો
* ☐ અન્ય વિકલ્પ (સ્પષ્ટ લખો)

---

## પરિસ્થિતિ ૫

તમે સંયુક્ત કુટુંબમાં રહો છો. તમારા કુટુંબમાં એવી પ્રણાલી છે કે નિશાળેથી આવી છોકરીઓ ઘરકામમાં મદદ કરે અને છોકરાઓ બહાર રમવા જાય.

વિકલ્પો

વિકલ્પો

* ☐ તમે આ પરંપરાનો વિરોધ કરશો અને એને બદલવા પ્રયત્ન કરશો. (કઈ રીતે?)
* ☐ આ પરંપરા તમને ન ગમતી હોવા છતાં ચૂપ રહેશો.
* ☐ આ પરંપરા તમને યોગ્ય લાગે છે માટે તે ચાલુ રાખશો.
* ☐ અન્ય વિકલ્પ (સ્પષ્ટ રીતે સૂચવો)

---

પરિસ્થિતિ ૬

તમારી મોટી બહેન ભણવામાં ખૂબ હોશિયાર છે. આ વર્ષે એ ગ્રેજ્યુએટ થશે. એના વિવાહ (સગાઈ) ગામના એક ગ્રેજ્યુએટ યુવક સાથે થયેલા છે, બહેનને આગળ એમ.એસસી. માટે ભણવું છે પણ સાસરીવાળાઓને એ પસંદ નથી. તમારી બહેન આગળ ભણે તો સાસરાવાળા વિવાહ તોડી પણ નાખે. આ સંજોગોમાં —

વિકલ્પો

* ☐ બહેનના આગળ ભણવાના નિર્ણયને ટેકો આપશો તમે એને પડખે ઊભા રહેશો.
* ☐ તમે બહેનને વચલો રસ્તો કાઢવા સમજાવશો કે બહેન એમ.એસસી.ને બદલે નાનકડો કે ડ્રેસ ડીઝાઈન જેવો કોઈ કોર્સ કરે.
* ☐ આગળ ભણવાનો વિચાર માંડી વાળી લગ્ન કરી લેવા તમે બહેનને સમજાવશો.
* ☐ અન્ય વિકલ્પ સૂચવશો. (કયો? સ્પષ્ટ કરો)

---

મૂલ્ય કસોટી

## પરિસ્થિતિ ૭

તમારી સોસાયટી કે પોળના યુવક મંડળના તમે સભ્ય છો. મંડળ ઉનાળાના વેકેશન માટે પ્રવૃત્તિઓનું આયોજન કરવા માગે છે. મોટી બહુમતીથી એમ નક્કી થાય છે કે છોકરીઓ માટે [illegible] વર્ગો અને છોકરાઓ માટે ક્રિકેટના વર્ગો રાખવા. વડીલોનો પણ આ નિર્ણયને સંપૂર્ણ ટેકો છે.

વિકલ્પો

* ☐ મંડળના નિર્ણય સાથે તમે સંમત છો.
* ☐ મંડળના નિર્ણય સાથે તમે સંમત નથી. તમે વિરોધ જાહેર કરી માગણી કરશો કે છોકરો કે છોકરી પોતાને જેમાં રસ હોય તે વર્ગ ભરી શકે.
* ☐ મંડળના નિર્ણય સાથે તમે સંમત નથી પણ તમારો વિરોધ જાહેરમાં નહિ દર્શાવો.
* ☐ અન્ય વિકલ્પ (સ્પષ્ટ શબ્દોમાં જણાવો)

---

## પરિસ્થિતિ ૮

તમારા કુટુંબમાં નવાં ભાભી પરણીને આવ્યાં છે. ભાભીને પંજાબી ડ્રેસ, ~~મીની સ્કર્ટ~~ મીડી સ્કર્ટ વિ. નવા જમાના પ્રમાણે કપડાં પહેરવાનું ગમે છે. તમારા ઘરમાં દીકરીઓને આવાં કપડાં પહેરવાની છૂટ છે પણ વહુએ તો સાડી જ

પહેરવી એવો આગ્રહ છે. આ બાબતમાં તમારા વડીલો ખૂબ રૂઢિચુસ્ત છે. આ સંજોગોમાં –

વિકલ્પો

* ☐ તમે વડીલોની વાતને ટેકો આપશો.
* ☐ વડીલોનો આગ્રહ ખોટો છે એમ તમે માનો છો પણ તમે ચૂપ રહેવાનું પસંદ કરશો.
* ☐ ભાભીનો પક્ષ લઈ તમે વડીલોને બદલાવા માટે દબાણ કરશો.
* ☐ અન્ય વિકલ્પ (શું? સ્પષ્ટ કરો.)

---

પરિસ્થિતિ ૯

તમારા વર્ગનાં કેટલાંક છોકરા-છોકરીઓએ ભેગાં મળીને નવા શિક્ષકની મશ્કરી કરવાની યોજના ઘડી હતી. એમ કરતાં એ લોકો પકડાઈ ગયાં છે. આચાર્ય છોકરાઓને કડક શિક્ષા કરે છે પણ છોકરીઓને ફક્ત ઠપકાવીને છોડી દે છે. તમે આ જૂથમાં સામેલ ન હતા. આ સંજોગોમાં –

વિકલ્પો

* ☐ તમને આચાર્યનો નિર્ણય ગમ્યો નથી પણ "એમાં આપણે શું?" એવું વલણ અપનાવી તમે ચૂપ રહેશો.
* ☐ આ પક્ષપાત છે એમ કહી તમે ખુલ્લો વિરોધ કરશો.
* ☐ તમે આચાર્યની સાથે સંમત છો.
* ☐ અન્ય કોઈ માર્ગ અપનાવશો. (સ્પષ્ટતા કરો.)

---

મૂલ્ય કસોટી

## પરિસ્થિતિ ૧૦

તમારું યુવા જૂથ દહેજ પ્રથા, સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારો વિ. સામાજિક દૂષણો સામે લડત આપવાનું નક્કી કરે છે. કાર્યક્રમના એક ભાગ રૂપે એક સરઘસ કાઢી લોકજાગૃતિ ફેલાવવાનું વિચારાય છે. આ સરઘસ તમારા મહોલ્લામાંથી પણ પસાર થવાનું છે. પાછલા અનુભવને લીધે તમને ખાતરી છે કે અડોશી-પડોશી ચોક્કસ તમારી મશ્કરી કરશે. એમાંના કેટલાકે દહેજ લીધું હોવાથી તેમની સાથેના તમારા સંબંધો તંગ પણ બની શકે.

આ સંજોગોમાં -

વિકલ્પો

* ☐ આ કાર્યક્રમ દમ વગરનો છે એમ કહી તમે સરઘસ માંડી વાળવા માટે જૂથમાં સમજાવટ કરશો.
* ☐ તમે સરઘસમાં જોડાશો.
* ☐ તમે કાર્યક્રમ સામે વિરોધ નહિ દર્શાવો પણ છેલ્લી ઘડીએ કોઈ બહાનું કાઢી સરઘસમાંથી નીકળી જશો.
* ☐ કોઈ અન્ય માર્ગ અપનાવશો. (માર્ગની સ્પષ્ટતા કરો.)

---

## પરિસ્થિતિ ૧૧

મુંબઈમાં ઓફિસો છૂટવાના સમયે ખાસ મહિલા ટ્રેનો દોડાવવામાં આવે છે. તમારા શહેરમાં આવી મહિલા બસો દોડાવવાની દરખાસ્ત છે. એ દરખાસ્તના અમલનો આધાર લોકમત ઉપર છે. તમારા કુટુંબમાં કોઈ સ્ત્રી નોકરી કરતી નથી.

વિકલ્પો

* ☐ મહિલા બસ માટેની દરખાસ્તને તમે ટેકો આપશો.
* ☐ તમે મહિલા બસનો વિરોધ કરશો.

મૂલ્ય કસોટી

પરિસ્થિતિ. ૨૧ (ચાલુ)

* ☐ તમે મત આપવાનું મોકૂફ રાખશો.
* ☐ કોઈ અન્ય વિકલ્પ પસંદ કરશો. (કયો? સ્પષ્ટ કરો)

---

## પરિસ્થિતિ ૨૨

તમે સ્ત્રી-પુરુષ સમાનતામાં માનો છો અને એ કારણે તમારી વાતો, વિચારો અને વર્તન વારંવાર મશ્કરીનો પાત્ર બને છે. કુટુંબમાં અને મિત્રમંડળમાં ક્યારેક તમારે ઉગ્ર વિરોધનો સામનો કરવો પડે છે તો ક્યારેક તમારે વડીલોની વઢ ખાવી પડે છે. આ સંજોગોમાં –

વિકલ્પો

* ☐ તમારા સમાનતાના મૂલ્યને કારણે તમારે વારંવાર સહન કરવું પડતું હોવાથી તમે તમારા વિચાર બદલશો.
* ☐ તમે તમારા મૂલ્યને વળગી રહેશો, પણ ભવિષ્યમાં જાહેર વર્તન કે ઉચ્ચારણોમાં એ ન દેખાય એવું ધ્યાન રાખશો.
* ☐ અન્ય કોઈ વિકલ્પ અપનાવશો. (સ્પષ્ટ શબ્દોમાં જણાવો.)

---